ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

ધીરે ધીરે ચાલીને હું
મંઝીલ સુધીનો
રસ્તો કાપતો ગયો
અને હવે તો
દરિયો પણ મને
પાણી વચ્ચે
રસ્તો આપતો ગયો

## જન્મદિને વધામણી



આર્યા જે શાહ
મો. ૯૭૨૩૦ ૧૯૩૯૯



માનવ ચિરાગ પારેખ
મો. ૯૪૨૬૫ ૩૪૮૫૮

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય.**

**- સંપાદક**

# રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સમાં ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન



ગાંધીનગર, તા. ૧૮

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં તા. ૧૦ માર્ચ અને ૧૭ માર્ચના રોજ અનુક્રમે ધોરણ-૪થી ૯ (ગુજરાતી માધ્યમ) અને અંગ્રેજી માધ્યમના ચાર હાઉસ રેડ, ઓરેન્જ, બ્લૂ અને ગ્રીન માટે ઈન્ટર હાઉસ ક્વિઝ કોમ્પિટિશન યોજવામાં આવી હતી.

ચારેય હાઉસમાંથી અગાઉ યોજેલી લેખિત પરીક્ષામાં સર્વાધિક ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને પોતાના હાઉસનું પ્રતિનિધિત્વ કરવાનો મોકો મળ્યો હતો.

ઓડિયો વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, અલ્ટ્રાસાઉન્ડ ટેકનોલોજીના આયોજનબદ્ધ ઉપયોગ દ્વારા સ્પર્ધક વિદ્યાર્થીઓ પોતાની આગવી સૂઝ-બૂઝ અને બુદ્ધિશક્તિથી પોતાના હાઉસને વિજેતા બનાવવા પ્રયાસો કર્યા હતા.

બે ચરણમાં આયોજિત આ સ્પર્ધામાં શિક્ષકોએ ખૂબ જહેમત ઊઠાવી હતી. શાળાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તમામ સ્પર્ધક વિદ્યાર્થીઓને અને સ્પર્ધાનું આયોજન કરનાર તમામ શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરમાં ગુડી પડવાની ભાવભરી ઉજવણી



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં વસતા મહારાષ્ટ્રીયન પરિવારોએ રવિવારે ગુડી પડવાની ભાવભરી ઉજવણી કરી હતી.

ચૈત્ર સુદ એકમ એ મરાઠી નવા નર્ષનો પ્રથમ દિવસ છે. એ પાછળ એવી દંતકથા પ્રચલિત છે કે પ્રભુ શ્રી રામચંદ્ર ચૌદ વર્ષનો વનવાસ ભોગવી, લંકાપતિ રાવણનો વધ કરી વિજયી થઈ જે દિવસે અયોધ્યા પાછા ફર્યા તે દિવસ ચૈત્ર સુદ એકમ હતી. અયોધ્યા નગરીના લોકોએ ઘેર- ઘેર ગુડી, તોરણો ઊભા કરી રામના પાછા ફરવાનો આનંદ વ્યક્ત કર્યો. તે સંદર્ભે ગુડી પડવાનો આ તહેવાર દર વર્ષે ઉજવવામાં આવે છે. ગુડી પડવાને 'વર્ષ પ્રતિપદા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

મહારાષ્ટ્રમાં આ દિવસે ઘરના આંગણામાં પાંચ પાંડવોની પ રતિકૃતિ તૈયાર કરી તેની આસપાસ સુંદર રંગોળી કરવામાં આવે છે. ગામડાંઓમાં આંગણામાં ગાયના છાણથી લીંપીને તેની પર આ રંગોળી તૈયાર કરાય છે. આ જગ્યાએ ગુડી (લાકડી) ઊભી કરવામાં આવે છે. ગુડીની ષોડશોપચારે પૂજા કરવામાં આવે છે.

ગુડી ઊભી કરતાં પહેલાં લાકડીને તેલ લગાવી તેને ચોખ્ખા પાણીથી ધોઈ લેવામાં આવે છે. તેને હળદર- કંકુ ચડાવવામાં આવે છે. ગુડી માટે પિત્તળનો કે ચાંદીનો લોટો, કડવા લીમડાની ડાળી, હાયડા, નાનું કાપડ, સાડ, ફૂલનો હાર વગેરે સામગ્રી લેવામાં આવે છે. લાકડીના છેડે નાના રંગીન કપડાંને ફીટ બાંધી તેના પર લોટો ઊંધો મૂકવામાં આવે છે. આ ઊંધા લગાવેલા લોટામાં કડવા લીમડાની ડાળી લગાવી હાયડાનો હાર પહેરાવવામાં આવે છે. લાકડી પર સાડી જે રીતે પહેરાય તે રીતે લાકડીને સાડી પહેરાવાય છે.

ઘરના આગળના ભાગમાં રસ્તા પરથી પણ સરળતાથી જોઈ શકાય તે રીતે ગુડીને બાંધવામાં આવે છે. આ ગુડીને રામના સ્વાગત માટે શુભ ધ્વજના પ્રતીકરૂપ ગણવામાં આવે છે. ગુડી ઊભી કર્યા પછી તેના પર હળદર કંકુ ચડાવવામાં આવે છે. ઘરના પ્રવેશદ્વાર પર આંબાની ડાળી અને તોરણ લગાવવામાં આવે છે. નવા વર્ષના પંચાંગની પૂજા કરવામાં આવે છે.

આ દિવસની શરૂઆત કડવા લીમડાનાં પાન ખાવાથી કરવાની પ્રથા છે. કડવા લીમડાને આ અરસામાં નવા પાન ફૂટેલા હોય છે. તેના કૂમળા પાન લઈ તેમાં ગોળ, જીરું, સ્વાદ પૂરતું મીઠું અને લીંબુ નાંખી તેને વાટીને ગોળી બનાવવામાં આવે છે. આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે કડવો લીમડો અત્યંત આરોગ્યપ્રદ અને કીટનાશક છે. આ ઊભી કરેલી ગુડીને સંધ્યા સમયે ઉતારવામાં આવે છે. ગામમાં જ્યાં રામનું મંદિર હોય ત્યાં રાયડાની માળા અર્પણ કરવામાં આવે છે. હળદર- કંકુ, ચોખા ચડાવીને પછી જ ગુડી ઉતારવામાં આવે છે. આ દિવસથી રામનવમી સુધી રામ મંદિરમાં કીર્તનનો પ્રારંભ થાય છે.

આ દિવસે નાનાં બાળકો પાસે શાળામાં પાટી પૂજન (સરસ્વતી પૂજન) કરાવવામાં આવે છે. પાટી પર ચંદ્ર, સૂર્ય, સરસ્વતી દોરી પાટીની એટલે કે વિદ્યાની પૂજા કરવામાં આવે છે.

# ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓએ જાતે બનાવેલી વાનગીઓ વેચી



ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે ધોરણ-૯ના વિદ્યાર્થીઓને અંગ્રેજી તથા સોશિયલ સાયન્સ જેવા વિષયોના મુદ્દાઓને એક સફળ પ્રૉજેક્ટના ભાગરૂપે શીખવવાના હેતુસર એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ભારતની વાનગીઓ વિદ્યાર્થીઓ ઘેરથી બનાવીને લાવ્યા હતા અને સાથે મળીને તેમણે આ વાનગીઓની લિજ્જત માણી હતી.

વિદ્યાર્થીઓ આ સાથે માર્કેટિંગ સ્કિલ પણ શીખ્યા હતા. દરેક વાનગીને દસ રૂપિયાના ભાવે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમક્ષ પીરસવામાં આવી હતી. કેટલાક વિદ્યાર્થીઓએ તો બે પ્લેટ સાથે એક ચૉકલેટ ફ્રી એવી સ્કીમ પણ રાખી હતી. શાળાના શિક્ષક અબીદા સૈયદ, જ્યોતિ સુથાર અને કૌમુદિની કોહલેના આ પ્રોજેક્ટને શાળાના આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને શાળા પરિવાર વતી બિરદાવ્યો હતો.

# જીઆઈપીઍસ ખાતે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું





ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૬થી ૧૧ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ધોરણ-૬ અને ૭ના વિદ્યાર્થીઓ માટે 'બેટી બચાવો બેટી પઢાવો' અને 'આતંકવાદ' વિષય નિયત કરવામાં આવ્યો હતો. પ્રવર્તમાન સમયને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓએ ઘણા ઉત્સાહભેર પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં તથા ધોરણ-૮,૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટેનો વિષય 'સમાજમાં સ્ત્રીઓનું સ્થાન' અને 'ગ્રામીણ વિસ્તારોનો વિકાસ' રાખવામાં આવ્યો હતો, જે અંતર્ગત પણ વિદ્યાર્થીઓએ અસરકારક વક્તવ્યો આપ્યાં હતાં. આચાર્ય, ટ્રસ્ટી અને ડિરેક્ટર દ્વારા વિદ્યાર્થીઓને બિરદાવી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

# બોર્ડની પરીક્ષાના CCTV ફુટેજની ચકાસણીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮

બોર્ડની પરીક્ષા શરૂ થયાના ત્રીજા જ દિવસથી અમદાવાદમાં ફુટેજની ચકાસણી શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. બોર્ડની પરીક્ષા માટે અમદાવાદના તમામ સેન્ટરો CCTVથી સજ્જ કરવામાં આવ્યા છે. હવે જ્યારે પરીક્ષા શરૂ થઈ ચૂકી છે ત્યારે વહેલા પરિણામ જાહેર કરી શકાય તે માટે અમદાવાદ જિલ્લામાં બુધવારથી CCTVના ફુટેજની ચકાસણી શરૂ કરી દેવાઈ છે. આ માટે ત્રણ જેટલી ટીમો કામે લગાડાઈ છે.

બોર્ડની પરીક્ષા CCTVની નજર હેઠળ જ લેવાનું શરૂ થયા બાદ દરવર્ષે મોટી સંખ્યા ફુટેજની ચકાસણી બાદ કોપી કરતા પકડાયા છે. આ વખતે પણ CCTV સજ્જ કેન્દ્રો પરથી જ બોર્ડની પરીક્ષા લેવામાં આવી રહી છે. ત્યારે પરીક્ષા શરૂ થયાના ત્રણ દિવસમાં જ CCTVના ફુટેજની ચકાસણી કરવાનું શરૂ કરી દીધું છે. અમદાવાદમાં ફુટેજની ચકાસણી માટે ત્રણ ટીમો બનાવવામાં આવી છે. એક ટીમમાં ૧૫ વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવી છે એટલે ત્રણ ટીમો મળી કુલ ૪૫ કર્મચારીઓ ફુટેજની ચકાસણી કરશે. ફુટેજની ચકાસણી દરમિયાન જે વિદ્યાર્થીઓની હિલચાલ શંકાસ્પદ જણાશે તેમને અલગ તારવી ત્યારબાદ ફરીથી તેની ચકાસણી કરી કોપી કેસ કરવા અંગે નિર્ણય લેવાશે.

# 'ગેટ'ની પરીક્ષામાં અમદાવાદનો વિદ્યાર્થી દેશમાં ચોથા ક્રમે

ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદના કોમ્પ્યૂટર સાયન્સના ૨૨ વર્ષના વિદ્યાર્થી ભાર્ગવ થાનકીએ ગ્રેજ્યુએટ એપ્ટિટયૂટ ટેસ્ટ ઈન એન્જિનિયરિંગ (ગેટ)માં ૧૦૦૦માંથી ૧૦૦૦ મેળવીને ઓલ ઈન્ડિયામાં ચોથા રેંકમાં સ્થાન મેળવ્યું છે. આટલા સારા સ્કોરના કારણે તમામ કોલેજોમાં પોસ્ટ ગ્રેજ્યુએશનમાં લાયક હોવા છતાં ભાર્ગવ થાનકીની ઈચ્છા બેંગ્લોરમાં પ્રવેશ લેવાની છે.

ભાર્ગવે પોતાની સફળતાનો યશ માતા-પિતા અને પોતાની ગેટ ઈન્સ્ટિટયૂટ I.C.E.ના ટીચર્સને આપ્યો છે. આ વખતે પી.જી. એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે લેવાયેલી ગેટનું સંચાલન આઈઆઈટી ગૌહાટી દ્વારા કરવામાં આવ્યું હતું. જુદી જુદી ૨૩ કોલેજોમાં પ્રવેશ માટે સમગ્ર દેશમાંથી અંદાજે ૮.૫ લાખ વિદ્યાર્થીઓએ ગેટ આપી હતી.

### નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ગાંધીનગરમાં આયોજિત

# 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમનું સમાપન







## યુવાઓએ રાજ્યપાલ ઓ પી કોહલી સાથે શુભેચ્છા મુલાકાત કરી અને સર્કિટ હાઉસ ખાતે ગાંધીનગરની સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે પણ મુલાકાત કરી વિશદ ચર્ચા-વિચારણા કરી

ગાંધીનગર, તા. ૧૮

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા ગાંધીનગરમાં આયોજિત 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમનું તાજેતરમાં સમાપન થયું હતું.

ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે આ પ્રસંગે આયોજિત એક સમારોહમાં ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી કમિશનર બારૈયા, જશવંત ગાંધી, સંજીવ મહેતા, જિલ્લા રમતગમત અધિકારી અશોક રાવલ, નયન થોરાત, નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના ઝોનલ ડિરેક્ટર અનિલ કૌશિક ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોના હસ્તે છત્તીસગઢના યુવાઓને પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્નો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે છત્તીસગઢના યુવાઓએ પોતાના પ્રતિભાવો પણ આપ્યા હતા.

ભારત સરકારના રમતગમત અને ખેલ મંત્રાલયના એકમ નહેરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૧થી ૧૫ માર્ચ દરમિયાન આ કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજાયો હતો, જેમાં છત્તીસગઢના ૫૦ જેટલા યુવક-યુવતિઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. પ્રથમ દિવસે હોળી હતી, જે દિવસે ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતિષ પટેલ, રાજ્યના મુખ્ય સચિવ ગુપ્તા, ડેપ્યુટી કમિશનર બારૈયાએ ઉપસ્થિત રહી આ યુવાઓ સાથે તિલક હોળી ઉજવી હતી. બીજે દિવસે સૅક્ટર-૬ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ અને ઍસટી ડૅપો ખાતે ડ્રાઈવર્સ-કંડક્ટર્સ સાથે આ યુવાઓએ ધૂળેટી મનાવી હતી.

પંદર દિવસના રોકાણ દરમિયાન તેમણે મહાત્મા મંદિર, દાંડી કુટિર, ગાંધી આશ્રમ, પર્યાવરણ સંસ્થા - સુઘડ, બ્રહ્માકુમારીઝ કેન્દ્ર, મધુર ડેરી, મુક્તિધામ, અક્ષરધામ, ઈન્દ્રોડા પાર્ક, સંત સરોવર, બાલાજી મંદિર, સંસ્કૃતિ કુંજ, વિધાનસભાની મુલાકાત લીધી હતી અને મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલ સાથે મુલાકાત કરી હતી.

આ યુવાઓએ રાજ્યપાલ ઓ પી કોહલી સાથે પણ શુભેચ્છા મુલાકાત કરી હતી. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ આ યુવાઓને પોતાનો શુભેચ્છા સંદેશ વ્યક્ત કર્યો હતો.

સર્કિટ હાઉસ ખાતે ગાંધીનગરની સેવાકીય સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે પણ આ યુવાઓએ મુલાકાત કરી વિશદ ચર્ચા-વિચારણા કરી હતી. જ્યાં પ્રવાસન નિગમ દ્વારા ગુજરાત પ્રવાસન અંગેનો સ્લાઈડ શો દર્શાવવામાં આવ્યો હતો અને નશાબંધી વિભાગ દ્વારા વ્યસન મુક્તિ અંગે સમજ આપવામાં આવી હતી. એચઆઈવી - એઈડ્સ અંગેની વિગતે સમજ પણ આ યુવાઓને આપવામાં આવી હતી.

- છત્તીસગઢથી આવેલા આ યુવાઓમાં પૈકી મોટાભાગના એવા હતા જે પોતાના જિલ્લામાંથી બહાર નીકળ્યા હતા અને પ્રથમ વખત જ તેઓ ટ્રેનમાં પણ બેઠા હતા.
- ગાંધીનગર ખાતે એક દિવસ આ યુવાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ પણ કરી હતી, જે પ્રસંગે નગરસેવક કાર્તિક પટેલ અને નગરની સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ યુવાઓના કલાકૌશલ્યને સરાહ્યું હતું.
- 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમ દરમિયાન પૂર્વ કલેક્ટર બી જી ઝાલાવાડીયા, સમાજ કલ્યાણ વિભાગના ડિરેક્ટર પંકજ ઠાકર, હસમુખ મેકવાન, સંજીવ મહેતા, પ્રૉ. યોગેશ ભટ્ટ, મહેશ ચૌધરી, જયેશ ચૌધરી અને કુંતલ નિમાવત દ્વારા પંચાયતી રાજ, એકતા અને અખંડિતતા, યુવાદિશા, યોગ, વ્યક્તિત્વ વિકાસ, ફ્લેગ હોસ્ટિંગ જેવા વિષયો પર અસરકારક વક્તવ્યો આપવામાં આવ્યાં હતાં. આ વક્તાઓએ યુવામંડળની રચના, યુવા પાર્લામેન્ટની વાતો દ્વારા આ યુવાઓને પોતાના અને રાજ્યના વિકાસ માટે સતત પ્રયત્નરત રહેવા અભિપ્રેરીત કર્યા હતા.
- નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, ઍકાઉન્ટ્સ ઑફિસર ભાનુભાઈ શાહ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઊઠાવવામાં આવી હતી.
- છત્તીસગઢના યુવાઓ ગુજરાતની સંસ્કૃતિથી ભારે પ્રભાવિત થયા હતા. અહીં મહિલાઓને અપાતા સન્માન, દારૂબંધી, આતિથ્યભાવ, સ્વચ્છતા અને સરળતાના તેમણે ભારોભાર વખાણ કર્યા હતા.
- અહીં મોટા અધિકારીઓ પણ પોતાના જેવા યુવાનોને ન માત્ર સરળતાથી મુલાકાત આપે છે પરંતુ તેમની સાથે સહજતાથી વાત પણ કરે છે એ અનુભવે એમને ભારે આશ્ચર્ય આપ્યું હતું.
- કૅમ્પના ઉદ્‌ઘાટન પ્રસંગે ઍડિશનર ડીઆઈજી અનિલ પ્રથમ આ યુવાઓ વચ્ચે ઉપસ્થિત રહ્યા હતા.
- આ કૅમ્પના ઈન-ચાર્જ તરીકે કશ્યપ નિમાવતે પોતાની અમૂલ્ય સેવાઓ પૂરી પાડી હતી.